1. ભારતનું સાંસ્કૃતિક વૈવિધ્ય જણાવો. (March 18)

- ભારતીય સંસ્કૃતિ એ વિશ્વમાં સમન્વય અને સાતત્યનું સર્વોત્તમ ઉદાહરણ છે. હડપ્પીય સભ્યતાથી શરૂ કરીને વર્તમાન સમય સુધી ભારતીયમ સમાજમાં અનેક સાંસ્કૃતિક વિવિધતાઓ જોવા મળે છે. દરેક યુગમાં ભારત સાંસ્કૃતિક ગતિવિધિઓથી ધમધમતો રહ્યો
- – વિવિધ તબક્કામાં સ્થળાંતરિત થઈને આવેલા વિવિધ સમુદાયોની જીવનશૈલીના કારણે ભારતમાં ભાતીગળ સંસ્કૃતિ વિકાસ પામતી રહી છે. ભારતમાં ઉત્તરથી દક્ષિણ અને પશ્ચિમથી પૂર્વ એમ સમગ્ર ભારતના વિશાળ પ્રદેશમાં પ્રાદેશિકતાને આધારે સાંસ્કૃતિક વૈવિધ્ય જોવા મળે છે. દરેક પ્રદેશની સંસ્કૃતિ પોતાની આગવી ભાત ઊભી કરે છે અને સાથેસાથે અન્ય પ્રદેશની સંસ્કૃતિમાં ભાગીદાર થવા પ્રયત્ન કરે છે. પરિણામે સાંસ્કૃતિક એકતા મજબૂત બને છે. ભારતીય સમાજની સાંસ્કૃતિક વિવિધતા દેશવિદેશમાં જાણીતી છે. સમગ્ર ભારતના મર કૃતિક વૈવિધ્યને નીચે પ્રમાણે અને ક સ્વરૂપે જોઈ શકાય છે ;
- 1, ઉત્સવો : સમગ્ર ભારતમાં દરેક પ્રદેશના તહેવારો અને ઉત્સવો અત્યંત ધામધૂમથી ઉજવવામાં આવે છે, દિવાળી, હોળી, નવરાત્રિ, છોચ, ઇદઉલફિત્ર, રમજાન, ક્રિસમસ, પતેતી, ગુરુપર્બ વગેરે ધાર્મિક તહેવારો ઉત્સાહથી ઉજવવામાં આવે છે. કૃષિને વધાવતા ઉક્ષ્વો જેવા કે અસમનો ‘બિહુ’, તમિલનાડુનો ‘પોંગલ’, કેરલનો ‘ઓણમ’, ઉત્તર ભારતમાં ઉજવાતો ‘‘બૈશાખી’’ વગેરે ઉજવવામાં આવે છે, મહાવીર જયંતિ અને બુદ્ધ પૂર્ણિમા પણ ઉત્સાહથી ઉજવાય
- 2, ભાષા : ભારતમાં ભાષાઓ અને બોલીઓનું વૈવિધ્ય છે. ★ બંધારણ મુજબ ભારતમાં 22 ભાષાઓ બંધારણની માન્ય ભાષાનો દરજ્જો ધરાવે છે, જે આ પ્રમાણે છે : (1) અસમિયા, (2) બંગાળી, (3) ગુજરાતી, (4) હિન્દી, (5) કન્નડ, (6) કરમીરી, (7) મલયાલમ, (8) મરાઠી, (9) ઓડિયા, (10) પંજાબી, (11) સંસ્કૃત, (12) તમિલ, (13) તેલુગુ, (14) ઉર્દૂ, (15) સિંધી, (16) કોંકણી, (17) મણિપુરી, (18) નેપાલી ,(19) મૈથિલી, (20) બોડો, (21) સંથાલી અને (22) ડોગરી, ભાષા સંસ્કૃતિને ટકાવે છે અને ભાષાઓ ભારતની આગવીઓળખ છે. દરેક ભાષાઓમાં અનેક બોલીઓ છે, આથી કહેવાય છે કે, ‘બાર ગાઉએ બોલી બદલાય.’
- 3. પોશાક : ભારતીય લોકોના પોશાકમાં અનેક પ્રકારની વિવિધતા જોવા મળે છે. પોશાકના કારણે દરેક પ્રદેશની ઓળખ ઊભી થાય છે. દા. ત., પંજાબી, રાજસ્થાની, ગુજરાતી વગેરે પોશાક, ધર્મ આધારિત પોશાકમાં પણ સાંસ્કૃતિક વૈવિધ્ય જોવા મળે છે. દા. ત., મુસ્લિમોમાં ‘બુરખો’, શીખોમાં ‘પાઘ’ વગેરે.
- 4. ખોરાક : પ્રદેશના અનાજના ઉત્પાદનની અસર લોકોના ખોરાક પર પડે છે. દરિયાકિનારાના પ્રદેશોમાં ચોખા અને માછલી સરળતાથી પ્રાપ્ત થતા હોવાથી સમુદ્રકિનારા નજીક રહેતા લોકોનો મુખ્ય ખોરાક ભાત અને માછલી છે. જે પ્રદેશોમાં ઘઉં, જુવાર, બાજરી વગેરેનું ઉત્પાદન વધુ થાયછે ત્યાં લોકોનો મુખ્ય ખોરાક ઘઉં છે.

પ્રાદેશિક ખોરાક વૈવિધ્ય સર્જે છે, ધ. ત., પંજાબી, ગુજરાતી થાળી, સાઉથ ઇન્ડિયન ફૂડ વગેરે. ધાર્મિક વિચારધારા પણ ખોરાકમાં વૈવિધ્ય લાવે છે. દા. ત., જૈન ખોરાક. આધુનિક સમયમાં પ્રાદેશિક ખોરાકે વૈશ્વિક ઓળખ ઊભી કરી

- 5. જીવનનિર્વાહની રીતો : આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા માનવી પોતાની અને કુટુંબની જરૂરિયાતો સંતોષે છે. જીવનનિર્વાહની અનેક રીતો છે. વ્યક્તિ પોતાની શક્તિ અને કૌશલ્ય અનુસાર રોજીરોટી મેળવવા રોજગારના કારણે માનવી એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરે છે. આ વ્યંતરના કારણે સંસ્કૃતિનો ફેલાવો થાય છે અને ભૌગોલિક સાંસ્કૃતિક વૈવિશ્વમાં વધારો થાય છે. સવંતરના કારણે રાષ્ટ્રીય ઐક્યની ભાવના જળવાય છે. ગુજરાતના ''ગરબા'' અને ''પતંગોત્સવ'' સ્થાનિક સ્તરેથી વૈશ્વિકસ્તર પરના સાંસ્કૃતિક વૈવિધ્યનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે.

## 2. રાષ્ટ્રીય એકતાનો અર્થ સમજાવી, તેનાં સહાયક પરિબળોની ચર્ચા કરો.

- ભારતમાં સામાજિક, સાંસ્કૃતિક, ભૌગોલિક, ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક વગેરેમાં અનેકવિધતા છે. આ ઉપજૂથો વચ્ચે પરસ્પર સહકારભર્યા અને સુમેળભર્યા સંબંધો હોય તે અનિવાર્ય છે. ભારતના નાગરિકો પરસ્પર એકબીજાને અને રાષ્ટ્રને વફાદાર હોય તે પણ અનિવાર્ય છે. રાષ્ટ્રીય એકતા માટે તમામ ભારતીયો રાષ્ટ્રનાં ધ્યેયોને પોતાનાં અંગત ધ્યેયો સમજે તે મહત્ત્વનું છે. ભારતીય સમુદાયના વિકાસમાં કોમવાદ, આતંકવાદ, જ્ઞાતિવાદ, નક્સલવાદ, પ્રદેશવાદ, ભાષાવાદ, અલગતાવાદ વગેરે સમસ્યાઓ પડકારરૂપ છે. આ સમસ્યાઓને હલ કરીને રાષ્ટ્રીય એકતા સ્થાપવી આવશ્યકછે.
- રાષ્ટ્રીય એકતાનો અર્થ : સમાજશાસ્ત્રી ડૉ. જી. એસ. ધુર્યે રાષ્ટ્રીય એકતાને મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક પ્રક્રિયા ગણે છે. તેમના મત મુજબ, ''રાષ્ટ્રના લોકોમાં એકતા, દઢતા અને સંબંધતાની ભાવના સામેલ છે. જેમાં લોકોના હૃદયમાં સામાન્ય નાગરિકની ધારણા તથા વફાધરીની ધારણા અને ભાવના જોડાયેલ છે.'' રાષ્ટ્રીય એકતાનાં સહાયક પરિબળો : રાષ્ટ્રીય એકતાનાં સહાયક પરિબળો નીચે પ્રમાણે છે :
- 1. ભૌગોલિક પરિબળ : ભારતના ઋષિમુનિઓ અને રાજયકર્તા ભોગલિક અને રાજ કીય એકતાની સભાનતા ધરાવતા હતા. ઋગવેદમાં દર્શાવેલાં 'ભારતવર્ષ', 'ચક્રવતી', 'એક્વાધિપતિ' વગેરે નામ ભારતની ભૌગોલિક એકતાનો આદર્શ વ્યક્ત કરે છે. ભારતમાં ધાર્મિક મંદિરો, પવિત્ર નદીઓ અને પર્વતોનાં દર્શનનોઅને નાનનો મહિમા છે. આથી આ બધાં સ્થળોએ યાત્રાધામો. વિકાસ થયો છે, આ ધર્મસ્થળોની સંસ્કૃતિ તથા રમણીય અને હવાખાવાનાંસ્થળો ભારતના લોકોને વિવિધ પ્રદેશોમાં પ્રવાસ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. જેના કારણે ભૌગોલિક અને રાજકીય એકતાસ્થપાય છે અને લોકો માતૃભૂમિ પ્રત્યે પ્રેમ અને દેશભક્તિ વ્યક્ત કરે છે. નાનામોટા રાજ્યોમાં વહેચાયેલો ભારત એક દેશ તરીકે પ્રસિદ્ધિ પામ્યો છે. ભારતની ભૌગોલિક વિવિધતામાં પ્રજાને જુદી જુદી પરિસ્થિતિઓમાં સાનુકૂળ થવાનું અને પરસ્પર મૈત્રીભાવ રાખી એકતા સ્થાપિત કરવાનું શીખવ્યું

છે. દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાવાઝોડું, સુનામી અને ધરતીકંપ જેવી કુદરતી આફતોમાં વિવિધ પ્રદેશોના જુદી જુદી જ્ઞાતિ, ભાષા અને ધર્મના લોકો પરસ્પર એકબીજાને મદદરૂપ થઈ વિવિધતામાં એકતાનાં દર્શન કરાવે છે.

- 2, ભારતનું બંધારણ : ભારત જેવા વૈવિધ્યભર્યા દેશમાં એક્તા સર્જનાર પાયાનું પરિબળ એ તેનું બંધારણ છે. બંધારણ એ ભારતનાં સંઘ રાજ્યોને જોડતો લેખિત દસ્તાવેજભારતના બંધારણના આમુખ 'માં સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકતાંત્રિક અને પ્રજાસત્તાક રાજયના સિદ્ધાંતોસ્વીકારવામાં આવ્યો છે,
- ન્યાય, સ્વાતંત્ર્ય અને સમાનતા એ સંઘ રાજયના પાયા છે.
- ભારતના બંધારણમાં સમાનતાના અધિકારમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થળના કારણે ભેદભાવ પર કાયદા દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- ભારતનું બંધારણ તમામ નાગરિકોને વ્યક્તિ ગૌરવની તથા રાષ્ટ્રીયએકતા અને અખંડિતતાની ખાતરી આપીને તેમનામાં ભ્રાતૃભાવના દ્રઢ બનાવે છે,
- ભારત ધર્મનિરપેક્ષા રાજ્ય છે. એટલે કે ભારતનો કોઈ રાજયધર્મ નથી, બંધારણ બધા ધમાંને સમાન ખાદર અને રક્ષણ આપે છે. ભારતનું બંધારણ તમામ નાગરિકોને મુક્તપણે ધર્મ માનવાની, પાળવાનો તથા તેનો પ્રચાર કરવાનો અધિકાર આપે છે. ભારતના કોઈ પણ સ્થળે વસવાટ કરતા નાગરિકોને પોતાની ભીના સાંસ્કૃતિનું જતન કરવાનો અને જાળવવાનો અધિકાર બંધારણ આપે છે,
- ભારતના બંધારણે આપેલા આ અધિકારો રાષ્ટ્રીય એકતાનાં ઘડતરમાં પ્રાથમિક ભૂમિકા ભજવે છે,
- 3. નાગરિક ફરજો : ભારતના નાગરિકોની ફરજોમાં રાષ્ટ્રીય એકતા જોવા મળે છે. ભારતના નાગરિકોની ફરજો નીચે પ્રમાણે છે :
- તમામ નાગરિકોએ રાષ્ટ્રને વફાદાર રહેવું અને તેના આદર્શો, સંસ્થાઓ તથા રાષ્ટ્રગીત અને રાષ્ટ્રધ્વજનો આદર કરવો.
- સ્વતંત્રતાની લડતને પ્રેરણા આપનાર આદર્શોને સન્માનિત કરી તેનું પાલન કરવું.
- ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું રક્ષણ કરવું.
- દેશના રક્ષણમાં મદદ કરવી અને રાષ્ટ્રીય સેવાઓ કરવી.
- ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અને સાંપ્રદાયિક તફાવતોથી દૂર રહેવું .
- ભારતના તમામ નાગરિકોમાં સુમેળ અને બંધુત્વની ભાવના વિકસે તે માટે પ્રયત્નો કરવા.
- મહિલાઓના ગૌરવને સન્માનિત કરે તેવા વર્તનવ્યવહારો કરવા. ઉપર દર્શાવેલ નાગરિક ફરજો રાષ્ટ્રીય એકતાના સર્જનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત નીચે જણાવેલાં પરિબળો રાષ્ટ્રીય એકતાસ્થાપવામાં સહાયક નીવડે છે : (1) કાયદાઓ, (2) લોકશાહી પ્રણાલી, (3) રાષ્ટ્રીય પર્વ અને રાષ્ટ્રીય સન્માન, (4) રમતગમતની પ્રવૃત્તિઓ, (5) સમૂહસંચારનાં માધ્યમો, (6) વાહનવ્યવહારનાં સાધનો તથા (7) પરસ્પરાવલંબન અને સંયોગીકરણ .

3. લોકશાહી પ્રણાલી, રાષ્ટ્રીય પર્વ અને રાષ્ટ્રીય સન્માન કેવી રીતે રાષ્ટ્રીય એકતા સર્જવામાં મદદ કરે છે તે સમજાવો.

- લોકશાહી પ્રણાલી, રાષ્ટ્રીય પર્વ અને રાષ્ટ્રીય સન્માન નીચે અનુસાર રાષ્ટ્રીય એકતા સર્જવામાં મદદ કરે છે : 1. લોકશાહી પ્રણાલી : ભારતની લોકશાહી શાસનપ્રણાલી રાષ્ટ્રીય એકતાનું સહાયક પરિબળ છે. ભારતમાં લોકસભા તથા રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ યોજવામાં આવે છે. આ ઉપરાંત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જેવી કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામપંચાયત અને નગરનિગમો તથા નગરપાલિકાઓની ચૂંટણીઓ પણ યોજવામાં આવે છે. આ ચૂંટણીઓમાં 18 વર્ષથી ઉપરના તમામ નાગરિકોને કોમ, જાતિ, જ્ઞાતિ, ભાષા, પ્રદેશ કે લિંગના ભેદભાવ વગર સમાન રીતે મતદાનનો અધિકાર છે. સમાન મતદાન અધિકાર એ રાષ્ટ્રીય એકતા માટેનું અતિ આવશ્યક પરિબળ છે. ભારતના તમામ નાગરિકો કોઈ પણ રાષ્ટ્રીય પક્ષ કે અપક્ષ તરીકે ચૂંટણીમાં ઉમેદવારી કરવાનો અધિકાર ધરાવે છે. કે આ રાષ્ટ્રીય પક્ષો પોતાના પક્ષમાં નેતા, કાર્યકરો અને મતદારોને આકર્ષવાનો પ્રયત્ન કરે છે. આ રાષ્ટ્રીય પક્ષોની વિચારસરણીમાં તફાવત હોવા છતાં તેમનું ધ્યેય કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે પ્રદેશના ભેદભાવ વિના મતદાતાઓને આકર્ષવાનું હોય છે. આમ, રાષ્ટ્રીય પક્ષો એક પ્રકારની રાષ્ટ્રીય એકતા લાવવા માટેનું પ્રેરક બળ પૂરું પાડે છે.
- 2. રાષ્ટ્રીય પર્વ અને રાષ્ટ્રીય સન્માન : સ્વાતંત્ર્યદિન, પ્રજાસત્તાકદિન વગેરે રાષ્ટ્રીય પર્વની ઉજવણી ઉત્સાહથી કરવામાં આવે છે. રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ભારતના તમામ નાગરિકો જોડાય છે.ઉજવણીમાં પ્રસ્તુત થતા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં અને ભારતના સૈનિકોની પરેડમાં રાષ્ટ્રીય એકતાનાં અદ્દભુત દર્શન થાય છે.કે ભારતીય ફિલ્મોમાં, રાષ્ટ્રીય ફિલ્મ સમારોહમાં, રાષ્ટ્રીય સ્મારકો અને રાષ્ટ્રીય ઉદ્યાનોમાં રાષ્ટ્રીય એકતાનાં દર્શન થાય છે. શાળાઓ, વિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં ચાલતી સ્કાઉટ, ગર્લગાઇડ, રાષ્ટ્રીય સેવા યોજના, નૈશનલ કેડેટ કોર વગેરે પ્રવૃત્તિઓ અને તેની વિવિધ શિબિરો રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય એકતાના સંદેશાઓ યુવાનોને આપે છે. ભારતરત્ન, પદ્મવિભૂષણ, પદ્મભૂષણ, પદ્મશ્રી વગેરે નાગરિક સન્માન અવૉર્ડ; રાજીવ ગાંધી ખેલરત્ન, દ્રોણાચાર્ય, અર્જુન અને ધ્યાનચંદ જેવા રમતગતમના અવૉર્ડ; પરમવીરચક્ર, મહાવીરચક્ર, વીરચક્ર, અશોકચક્ર, કીર્તિચક્ર, શૌર્યચક વગેરે ભારતીય સેનાના અવૉર્ડ તથા બહાદુરી અને સાહિત્યિક ક્ષેત્રે અપાતા વિવિધ અવૉર્ડ દેશની સેવા બદલ આપવામાં આવે છે. કલાકાર, વૈજ્ઞાનિકો, સૈનિકો, શિક્ષકો, સમાજસેવકો વગેરે વિશિષ્ટ વ્યક્તિઓને સન્માનિત કરીને રાષ્ટ્રીય ચેતના ઊભી કરવામાં આવે છે.

4. "વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં સાધનો રાષ્ટ્રીય એકતા સર્જવામાં મદદ કરે છે." સમજાવો.

- ભારત ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાઓ ધરાવતો વિશાળ દેશ છે. વાહનવ્યવહારનાં સાધનો ભારતના વાહનવ્યવહારનાં સાધનોએ ભારતના દરેક નાગરિકોને જોડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. વાહનવ્યવહારનાં સાધનોના કારણે પ્રાદેશિક વૈવિધ્ય ધરાવતા લોકો વચ્ચે આઘનપ્રદાન શક્ય બન્યું છે. પ્રાદેશિક આદાનપ્રદાનના કારણે પ્રાદેશિક વિવિધતા ધરાવતા લોકો વચ્ચે એક જ રાષ્ટ્રના નાગરિક હોવાની ભાવના દઢ

બનીભારતીય રેલવે વિશ્વનું સૌથી મોટું રેલવે નેટવર્ક (આશરે 1,15,000 કિલોમીટર) ધરાવે છે.  દરરોજ આશરે 23 મિલિયન લોકો રેલવેની મુસાફરી કરે છે.  ભારતીય રેલવે ભારતનાં બધાં રાજ્યો અને પ્રદેશોને એકબીજા સાથે નિયમિત રીતે જોડે છે.  ભારતની વિમાનસેવાઓ પણ ભારતનાં બધાં મોટાં નગરોને એકબીજા સાથે જોડે છે, જેના પરિણામે ઝડપી વાહનવ્યવહાર શક્ય બન્યો છે,

- નોકરી, વ્યવસાય, ધંધા, રોજગાર, શિક્ષણ, પ્રવાસ વગેરે કારણે દેશના નાગરિકો વાહનવ્યવહારનાં સાધનોની મદદથી એકબીજાની નજીક આવે છે. જે પરોક્ષ રીતે રાષ્ટ્રીય એકતામાં ઉપયોગી બને છે. સંદેશાવ્યવહારનાં સાધનો : વર્તમાનપત્રો, રેડિયો, ટેલિવિઝન, કમ્પ્યુટર, સેલફોન, પોસ્ટરો, સામયિકો, ફિલ્મ, વીડિયો ફિલ્મ વગેરે સમૂહસંચારનાં સાધનો રાષ્ટ્રીય એકતા સર્જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ટેલિવિઝનના કાર્યક્રમો કોમી એકતા, સર્વધર્મસમભાવ, દેશભક્તિ વગેરે બાબતોને કેન્દ્રમાં રાખી ધારાવાહિક, ફિલ્મ, સમૂહગાન, સમૂહ નૃત્ય વગેરે દ્વારા રાષ્ટ્રીય એકતા લાવવામાં મદદ કરે છે.
- ટેલિવિઝન પર દર્શાવાતા સ્વાતંત્ર્યદિન અને પ્રજાસત્તાકદિનની ઉજવણીના વિવિધ કાર્યક્રમો નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમ ઉત્પન્ન કરે છે.  ટેલિવિઝન દ્વારા આતંકવાદ, નક્સલવાદ, કોમવાદ, જ્ઞાતિવાદ, ભાષાવાદ, પ્રદેશવાદ વગેરે સમસ્યાઓને ધારાવાહિક, ફિલ્મ કે સમાચારોના કાર્યક્રમોમાં જોડી લઈને દેશના નાગરિકોને આવી સમસ્યાઓ સામે સાચી સમજ આપવામાં આવે છે. પરિણામે દેશના નાગરિકોનું મનોવલણ રાઍમ તરફ ઘડાય છે.
- આમ, સંદેશાવ્યવહારનાં સાધનોમાં પ્રકાશિત અને પ્રસારિત થતા કાર્યક્રમો નાગરિકોમાં રાષ્ટ્રીય એકતાની સભાનતા ઊભી કરે છે. જે રાષ્ટ્રીય એકતા સર્જવામાં મદદ કરે છે.